# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## માસ્ટર ઑફ જૈનિઝમ્ પ્રથમ વર્ષ - ૧

જુન ૨૦૨૫
પ્રથમ સત્ર
ગુણાંક ૫૦

# પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓક્ટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પ્રથમ બે અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. ભાવોના!.................... ભાગ જેટલાજ શબ્દો વિશ્વમાં છે.
૨. આહારક શરીર શુભ-વિશુધ્ધ અને ....................... હોય છે.
૩. અરિહંત પ્રભુના વચનના એકદેશના સંગ્રહરૂપ....................... ગ્રંથ છે.
૪. સૂક્ષ્મતા એટલી અલ્પતા નહિ પણ........................ છે.
૫. પરમાવધિજ્ઞાનનો સમાવેશ ..................... અવધિજ્ઞાનમાં થાય છે.
૬. વચમાં બીજો ભવ કર્યા વગર એકજ જાતિમાં વારંવાર જન્મ લેવો, ઉત્પન્ન થવું તે ................. છે.
૭. આ વિશ્વમાં ....................... સિવાય બીજો જોઇ કલ્યાણકારી ઉપદેશ નથી.
૮. તીર્થંકર નામકર્મનું ફળ........................ છે.
૯. ભવિષ્ય માટેની વિચારણા તે ..................... છે.
૧૦. આત્માનો બોધરૂપ વ્યાપાર તે .................... છે.
૧૧. મતિજ્ઞાન વર્તમાન ગ્રાહ્ય છે, પરંતુ શ્રુતજ્ઞાન ........................ છે.
૧૨. દર્શન મોહનીય કર્મના ક્ષયથી ........................... પ્રગટ થાય છે.
૧૩. આત્માના અનંત સુખમાં લીનતા, મગ્નતા તે ........................ છે.
૧૪. મન આંતરીક સાધન છે તેથી તે .......................... ના નામે પણ ઓળખાય છે.
૧૫. તૈજસ શરીર કરતાં ......................... શરીર સૂક્ષ્મ છે.
૧૬. મતિ-શ્રુત અને અવધિ એ ત્રણ .......................એટલે અજ્ઞાન રૂપ પણ હોય છે.
૧૭. અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ..................... નિક્ષેપ છે.
૧૮. અનિન્દ્રિય મનનો વિષય .................... છે.
૧૯. મર્મસ્થાને ઇજા થવાથી થતું મૃત્યુ તે ................. ..... ઉપક્રમનો ભેદ છે.
૨૦. તેજસ અને કાર્મણ શરીરની ગતિ ફકત........................ માં હોય છે.
૨૧. સ્થાવર નામકર્મના ઉદય હોવા છતાં ત્રસ સરખી ગતિ કરનાર હોવાથી તે જીવો................. કહેવાય છે.
૨૨. ..................પર્યાયવાચી શબ્દોમાં વ્યુત્પત્તિ ભેદથી અર્થભેદ માને છે.
૨૩. ગુરુની સેવા, ભકિત, વિનય કરવાથી ઉત્પન્ન થતી મતિ તે ....................... મતિજ્ઞાન છે.
૨૪. વિશેષ બુદ્ધિવાળા મનુષ્યો જે સદા મોક્ષને માટે જ ઉદ્યમ કરે તે ....................... મનુષ્ય છે.
૨૫. સ્ત્રી, પુરુષના સંયોગ વિના, ઉત્પત્તિસ્થાનમાં રહેલા વૈક્રિય પુદ્ગલોને પ્રથમવાર ગ્રહણ કરી શરીર રૂપે પરિણમાવવા તે .................... છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. ઋજુગતિનું બીજું નામ શું છે ?
૨. અધ્યાત્મિક દૃષ્ટિવાળા જીવો કેવા હોય છે ?
૩. પરમાવધિજ્ઞાની કેટલા સમયમાં કેવળજ્ઞાન પામે છે ?
૪. ઉપપાત જન્મથી ઉત્પન્ન થનારા જીવોનું આયુષ્ય કેવા પ્રકારનું હોય છે ?
૫. પ્રભુ મહાવીરસ્વામીના શુભસત્વની કયા દેવોએ પ્રસંશા કરી હતી ?
૬. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનો સમાવેશ શેમાં થાય છે ?
૭. અભ્યંતર નિવૃતિ ઘાણેન્દ્રિય કયા પુષ્પાકારે હોય છે ?

૮. વિવક્ષિત તત્વની સત્તા (વિદ્યમાનતા) ની વિચારણા એ કયું દ્વાર છે ?
૯. કાર્મણ શરીર કેવું કહેવાયું છે ?
૧૦. અસંદિગ્ધબોધ એટલે શું ?
૧૧. આત્માનો પોતાનો સ્વાભાવિક ભાવ કયો છે ?
૧૨. કયા એક પદથી અનંતકાળમાં અનંત જીવો સિદ્ધ થયા છે ?
૧૩. સંસારી જીવ પરલોક જતાં જો બે વળાંક કરે તો એને કેટલો સમય લાગે છે ?
૧૪. અવધિજ્ઞાની કેટલી ગતિમાં હોઈ શકે છે ?
૧૫. ફક્ત પરલોકમાં સુખ આપનારા કાર્ય અને ક્રિયાઓ કરે તે કેવા મનુષ્ય છે ?
૧૬. તિર્યંચોને ક્ષેત્રથી ઉત્કૃષ્ટથી અવધિજ્ઞાનની મર્યાદા કેટલી છે ?
૧૭. આત્મશક્તિથી જે જ્ઞાન થાય તેને શું કહેવાય છે ?
૧૮. ઔદાયિક ભાવવાળા પર્યાયો કેવા છે ?
૧૯. અભવ્યજીવ સંયમના બળે ક્યાં સુધી પહોંચી શકે છે ?
૨૦. જે ઉત્પત્તિસ્થાન ઢંકાયેલું અથવા દબાયેલું હોય તેને શું કહેવાય ?
૨૧. જ્યાં સુધી રાગ-દ્વેષની ગ્રંથી છે ત્યાં સુધી કયું કરણ છે ?
૨૨. ચક્ષુ અથવા દીપક જેવું કયું જ્ઞાન છે ?
૨૩. તત્વાર્થસૂત્ર કેવો ગ્રંથ છે ?
૨૪. સિદ્ધના જીવોમાં ક્ષાયિક સાથે બીજો કયો ભાવ હોય છે ?
૨૫. ભાવવેદ એ કયા કર્મના ઉદયનું ફળ છે ?

પ્રશ્ન-૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૦ થી ૧૫ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)

૧. **નય અને નિક્ષેપ** – ( નય એટલે શું ? અનેકાંત વાદ, નયના પ્રકાર, દૃષ્ટાંતો સાથે, નિક્ષેપ એટલે શું ? નિક્ષેપના પ્રકાર, આરાધનામાં મહત્વ; પ્રભુની વાણીમાં નય-નિક્ષેપથી જિન ધર્મ મહત્વ)
૨. **જીવની સંસાર યાત્રા** – (જીવ એટલે શું ? જીવના પ્રકાર, ચાર ગતિ, જન્મના પ્રકાર, શરીરના પ્રકાર, જીવનું લક્ષણ, ઇન્દ્રિયો, સંસાર યાત્રામાં સુખ-દુઃખ, રોગ, શોક વિગેરે, વિવિધ યોનિઓ, મરણ-પરલોક, વિગ્રહ ગતિ)
૩. **જીવની શિવ યાત્રા (મોક્ષ માર્ગ)** – (જીવ એટલે શું ? મોક્ષ એટલે શું ? મોક્ષ માર્ગ, સ.દર્શન, પ્રકાર, પ્રાપ્તિ માર્ગ, નવતત્વ શ્રદ્ધા, સ. જ્ઞાન-પ્રકારો, જ્ઞાન-અજ્ઞાન, સ. ચારિત્ર-જ્ઞાનનું ફળ, વિરતિ મહાવ્રતો-વ્રતો, ચારિત્રનાં પ્રકાર, ચારિત્રથી સંવર, તપથી નિર્જરા-મોક્ષ)

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com